શામળાજી પોલીસ સ્ટેશન હદના કન્ટેનરમાંથી ચોરાયેલ ૭.૭૫ લાખના દારૂનું

પગેરું શોધવા અને આરોપીઓને પકડવા હવતિયા

ભિલોડાના જેસીંગપુર નજીક બિનવારસી સ્કોર્પિઓ ગાડીમાંથી ૪૫ હજારનો ચોરેલ વિદેશી દારૂ પકડાયો

શામળાજી, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના શામળાજી પોલીસે ગેરકાયદેસર જપ્ત કરેલ વિદેશી દારૂ ભરેલ કન્ટેનરમાંથી ૭.૭૫ લાખનો વિદેશી દારૂનો મોટો જથ્થો પગ કરી ગયો

હોય તેમ પોલીસ સ્ટેશનની હદમાંથી લૂંટ કરી પલાયન થતા ખાખી વર્દી માટે કલંકીત ઘટના બનતા જિલ્લા પોલીસ તંત્રની સમગ્ર રાજયમાં ભારે બદનામી થતા રવિવારે સાંજના રેન્જ આઈ.જી મયંકસિંહ ચાવડા શામળાજી પોલીસ સ્ટેશન દોડી આવી જિલ્લા પોલીસવડા મયુર પાટીલ સહીત વિવિધ બ્રાન્ચના પોલીસ અધિકારીઓ સાથે ગુપ્ત બેઠક યોજી ઘટનાના મૂળ સુધી પહોંચવા અને વિદેશી દારૂની તસ્કરીમાં સંડોવાયેલા લૂંટારૂઓને જેલના સળિયા પાછળ ઝડપી ધકેલી દેવા તાકીદ કરી હતી. જિલ્લા સહીત ગાંધીનગરની પોલીસની ટિમો વિદેશી દારૂના લૂંટારુઓનું પગેરું મેળવા અને આરોપીઓને શોધી કાઢવા ૨૪ કલાક જેટલો સમય વીતવા છતાં હવાતિયાં મારી રહ્યા હોય તેમ આરોપીઓ પોલીસ પકડથી દૂર છે. ભિલોડા પોલીસ, જિલ્લા એલસીબી પોલીસ, શામળાજી પોલીસ અને ગાંધીનગર જિલ્લાની ડભોડા પોલીસે સંયુક્ત કામગીરી હેઠળ રવિવારે સાંજના સુમારે જેસીંગપુર ગામની સીમમાં બિનવારસી હાલતમાં પડેલી સ્કોર્પિઓ જીપમાંથી શામળાજી પોલીસ સ્ટેશનના હદમાંથી ચોરેલ જથ્થામાંથી રૂ. ૪૫૦૭૫નો વિદેશી દારૂ ઝડપવામાં સફળતા મળી હતી. પોલીસતંત્ર દ્વારા સ્કોર્પિયોના માલિકની શોધખોળ હાથ ધરી ગુન્હાનો ભેદ ઉકેલવા હવાતિયાં મારતી હોય તેમ ૨૪ કલાકથી વધુનો સમય વીતવા છતાં વિદેશી દારૂની રિકવરી અને આરોપીઓને ઝડપી પાડવામાં નિષ્ફળ રહેતા જિલ્લા પોલીસ તંત્રની કામગીરી સામે અનેક સવાલો પેદા થઇ રહ્યા છે.

શામળાજી પોલીસ સ્ટેશનની હદમાંથી કન્ટેનરનું તાળું તોડી પ્રોહિબિશન એક્ટ હેઠળ ઝડપેલ વિદેશી દારૂના જથ્થા માંથી ૭.૭૫ લાખનો વિદેશી દારૂની અજાણ્યા ઈસમો લૂંટ ચલાવી હવામાં ઓગળી જતા શામળાજી પોલીસ સહીત જિલ્લા પોલીસતંત્રના આબરૂના લીરેલીરા ઉડી જતા જિલ્લા પોલીસતંત્રની ઊંઘ હરામ થઈ ગઈ છે. જિલ્લા પોલીસતંત્ર વિદેશી દારૂની તફડંચી થતા ભૂરાટુ બન્યું હોય તેમ અલગ અલગ ટીમો બનાવની સાથે બાતમીદારોને કામે લગાડી આબરૂ બચાવવા હવાતિયાં મારી રહ્યું હોય તેવી ચર્ચા ટોક ઓફ ધી ટાઉન બની છે. ૨૪ કલાકમાં ભિલોડાના જેસીંગપુર નજીકથી શામળાજી વિદેશી દારૂની લૂંટમાં ઉપયોગમાં લીધેલ બિનવારસી હાલતમાં સ્કોર્પિઓ ગાડી જપ્ત કરી શામળાજી કન્ટેનરમાંથી ચોરેલ રૂ.૪૫૦૭૫નો જથ્થો અને સ્કોર્પિઓની કીં. ૪૦૦૦૦૦ મળી કુલ રૂ.૪૪૫૦૭૫નો મુદ્દામાલ જપ્ત કરી હાલના સમયમાં સંતોષ માનવો પડ્યો હોય તેવો ઘાટ સર્જાયો હતો. પોલીસતંત્ર આરોપીઓને ઝડપી પાડવા અધીરી બની હોય તેમ જિલ્લા સહીત આજુબાજુના વિસ્તારને ફંફોસી રહી છે.

જીલ્લા પોલીસતંત્રની બુટલેગરો સાથેની ભાઈબાંધી મોંઘી પડી રહી હોવાની ચર્ચા

પ્રાપ્ત માહિતી મુજબ અરવલ્લી જીલ્લામાં બુટલેગરો અને અસામાજિક તત્વો પોલીસતંત્રની રહેમનજર હેઠળ બેફામ બન્યા હતા અને પોલીસે માથે ચઢાવતા હાથના કર્યા હૈયે વાગ્યા હોય તેવો ઘાટ સર્જાતા પોલીસતંત્ર બેબાકળું બન્યું છે. શામળાજી પોલીસ સ્ટેશનની હદમાંથી કન્ટેનરમાંથી વિદેશી દારૂની લૂંટ કરનાર પોલીસતંત્રની કામગીરીથી સંપૂર્ણ વાકેફ હોવાનું લોકો માની રહ્યા છે. તદઉપરાંત પોલીસતંત્રની સંડોવણી વગર આટલા બધા બધા મોટા પ્રમાણમાં વિદેશી દારૂની લૂંટ ચલાવવી શક્ય ન હોવાની જોરશોરથી ચર્ચાઈ રહ્યું છે.

શામળાજી પીએસઆઈનએ ફરજમુક્ત કરતા જિલ્લા પોલીસ બેડામાં હડકંપ

શામળાજી, તા. ૩૦

સમગ્ર ગુજરાતમાં બહુ ગાજેલા શામળાજી પોલીસ સ્ટેશનની હદમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ જપ્ત કરેલ કન્ટેનરમાં રહેલા વિદેશી દારૂના જથ્થામાંથી ૭.૭૫ લાખના વિદેશી દારૂની ચોરી પ્રકરણમાં જિલ્લા પોલીસ વડા મયુર પાટીલે શામળાજી પીએસઆઈ એમ.પી. ચૌહાણને ફરજમાં બેદરકારી દાખવવા બાદલ સસ્પેન્ડ કરાતા જિલ્લા પોલીસ બેડામાં હડકંપ મચ્યો હતો. આ પ્રકરણ આગામી સમયમાં અન્ય કર્મચારીઓનો ભોગ લે તો નવાઈ નહિ.

ચાલકે કાબુ ગુમાવતા ટ્રેક્ટર સ્કૂલની દિવાલમાં ઘુસી ગયું

શાળામાં રવિવારની રજા હોઈ મોટી જાનહાનિ ટળી

પાલનપુર, તા.૩૦

પાલનપુર તાલુકાના માલણ ગામ માં ગત વહેલી સવારે પુરઝડપે પસાર થઇ રહેલા ટ્રેકટર ચાલકે સ્ટેયરીંગ ઉપરનો કાબુ ગુમાવતાં ટ્રેકટર

રોડની બાજુમાં આવેલી ખાનગી સ્કુલનો કોટ તોડી અંદર ઘુસી ગયું હતુ. ઘટનાને પગલે ભારે અફરા- તફરી મચી જવા પામી હતી. જોકે, રવિવારની રજા હોવાના કારણે મોટી જાનહાની થતાં બચી ગઇ હતી.

પાલનપુર તાલુકાના માલણ ગામ ખાતે ગત સવારે ખાનગી પ્રાથમિક શાળા પાસેથી પસાર થઈ રહેલ ટ્રેક્ટર નંબર જી.જે.૮.જે.૨૦૧૭ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ડ્રાયવીંગ કરી સામેથી અન્ય કોઈ વાહન આવતા ટ્રેક્ટરના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી બેસતા ટ્રેક્ટર શાળાનો કોટ તોડીને શાળામાં ઘૂસી ગયુ હતુ. જે બનાવને પગલે આસપાસમાંથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અને શાળાની દિવાલનો કોટ પણ તૂટી ગયેલ હોઈ અને ટ્રેક્ટર શાળામાં ઘૂસી ગયેલ હોઈ જે. સી. બી મશીનથી ટ્રેક્ટરને ખેંચીને બહાર કાઢવામાં આવ્યુ હતુ. આ અકસ્માત સર્જનાર ટ્રેક્ટરના ચાલકે તેના ટ્રેક્ટરની ટ્રોલી પાછળ બીજી પણ ટ્રોલી બાંધીને ઓવરલોડ વહન કરી રહેલ હોઈ સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી બેઠો હોવાનું કહેવાય છે. જોકે, રવિવારની રજા હોવાના કારણે શાળામાં કોઈ બાળકોની હાજરી ન હોઈ મોટી જાનહાનિની ઘટના ટળી ગઈ હતી. સામાન્ય રીતે દરરોજ આ શાળાના બાળકો અકસ્માત સ્થળે જ ઉભા રહેતા હોય છે. તેમજ શાળાની અંદર પણ નાના ભૂલકાઓ મેદાનમાં રમતા હોય છે. ત્યારે ચાલુ શાળાએ આ ઘટના ઘટી હોત તો મોટી જાનહાનિ થવાની સંભાવના હતી પરંતુ સંજાગોવસાત આ ઘટના રવિવારના દિવસે જ બનતા જાણે શાળાના બાળકો માથે કુદરતે મહેર કરી હોય તેમ લાગી રહ્યુ છે.

દરમિયાન અકસ્માતને પગલે ઘટનાસ્થળે આસપાસમાંથી લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જોકે, ટ્રેક્ટરનો ચાલક પણ મોકો જાઈ ત્યાંથી નીકળી ગયો હતો.

બાયડના ડેમાઈનો યુવાન માઈભક્ત સાયકલ પ્રવાસે વૈષ્ણવદેવી જવા રવાના

બાયડ, તા. ૩૦

વૈષ્ણવદેવી મંદિર હિંદુઓમાં ભારે આસ્થા ધરાવતું હોવાથી મોટા પ્રમાણમાં લોકો વૈષ્ણવદેવી માતાના આશીર્વાદ મેળવવા મંદિરે માથું ટેકવવા પહોંચતા હોય છે. અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ડેમાઈ ગામના યુવાન માઈભક્ત જીતેન્દ્રભાઈ ડી. નાઈ સાયકલ પ્રવાસે વૈષ્ણવદેવી જવા રવાના થયા હતા. અંદાજે ૨૦ દિવસની સાયકલિંગ પ્રવાશ ખેડી વૈષ્ણવદેવી પહોંચશે તેમ જણાવ્યું હતું. સોમવારે વહેલી સવારે સાયકલ પ્રવાસના પ્રયાણ સમયે ડેમાઈ ગામે મોટી સંખ્યામાં સમાજના લોકો અને ગામલોકોએ ઉપસ્થિત રહી શુભેચ્છા પાઠવી હતી.

એસબીપુરામાં શિકાર કરાયેલા મોરનો મૃતદેહ મળી આવ્યો

ચાર જેટલા શિકારીઓએ મોરની હત્યા કરી હોવાનું પ્રાથમિક અનુમાન

પાલનપુર, તા.૩૦

પાલનપુર તાલુકાના એસબીપુરા ગામની સીમમાંથી રાષ્ટ્રીય પક્ષી મોરનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ અંગે વન વિભાગ દ્વારા ઘનિષ્ટ તપાસ હાથ ધરવામાં આવતાં ચાર જેટલા શિકારીઓ સંડોવાયેલા હોવાનું ખુલતા તેમને ઝડપી લેવાના ચકોગતિમાન કરવામાં આવ્યા છે.

પાલનપુર તાલુકાના એસબીપુરા ગામની સીમમાં રાષ્ટ્રીય પક્ષી મોરનો શિકાર કરવામાં આવ્યો હોવાની બાબત ચર્ચાસ્પદ બની હતી. આ અંગે ગ્રામજનોએ જણાવ્યું હતુ કે, બાજુમાં આવેલા ગઠામણ ગામના કેટલાક વિધર્મી લોકો રાત્રિ દરમિયાન શિકાર કરવા માટે આવે છે. જેઓ ससला, તેતર જેવા નિર્દોષ પ્રાણી- પંખીઓનો શિકાર કરે છે. આ શખ્સોએ મોરનો શિકાર કર્યો હતો. તેમણે તંત્રને જાણ કરતા ગામના સરપંચનું નિવેદન લઈ પાલનપુર આરએફઓ, પાલનપુર તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી. દરમિયાન પાલનપુર રામજી મંદિરના મહંત રાઘવદાસજી મહારાજ સહિત હિંદુ સંગઠનોએ પણ મોરના શિકારીઓને ઝડપી લેવા માંગ કરી હતી. જેને પગલે તંત્રએ તપાસ ઘનિષ્ઠ બનાવતાં આખરે વન વિભાગને આ કેસમાં સફળતા મળી છે. જ્યાં પાલનપુર આરએફઓ બી. એ. સિંધીને ગઠામણ ગામની સીમમાં ખાડામાં દાટી દેવાયેલો મોરનો મૃતદેહ શનિવારે મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

તબીબ પેનલ દ્વારા પીએમ કરાયું

એસબીપુરા ગામની સીમમાંથી મળી આવેલા મોરના મૃતદેહને વનવિભાગના અધિકારીઓ દ્વારા બાલારામ ખાતે લઈ જવાયો હતો. જ્યાં પાલનપુર અને દાંતીવાડાના વેટરનરી તબીબોની પેનલ દ્વારા મોરના મૃતદેહનું પી.એમ કરવામાં આવ્યું હતું.જેમાં મોરના શરીર ઉપર ક્યાં ક્યાં ઈજાઓ થઈ તે સહિતનું પંચનામું કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના તાજપુર પાસે આવેલ

કિસ્મત કાઠીયાવાડી હોટલ ગેસ્ટ હાઉસમાંથી ૧૩ શંકુનીઓ પકડાયા

જુગારધામ ઉપર આરઆરસેલ ગાંધીનગરનો દરોડો : ગંજી પાના, દાવની રોકડ રકમ, મોબાઇલ સહિત ૮૮૩૨૦ના મુદ્દામાલ સાથે ૧૩ની અટકાયત

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજના તાજપુર પાસે આવેલ હોટલ કિસ્મત ગેસ્ટહાઉસમાંથી જુગાર રમતાં ૧૩ શકુનીઓને આર.આર.સેલ ગાંધીનગર દ્વારા ૮૮૩૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા.

હિંમતનગર- અમદાવાદ નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના તાજપુર ખાતે આવેલ હોટલ કિસ્મત કાઠીયાવાડી અને ગેસ્ટહાઉસમાં ગેસ્ટહાઉસના માલિક મહેબુબભાઈ અબ્દુલભાઈ ધાંગા રહે. ગઢા તાલકો. હિંમતનગર જી. સાબરકાંઠાનાઓએ પોતાની હોટલનો રૂમ નંબર- ૧૦૩ ભાડે આપી ગંજીપાનાથી હારજીતનો જુગાર રમાડતાં હોવાનું આર. આર. સેલ ગાંધીનગરને બાતમી મળતાં ૨૯-૭-૨૦૧૮ને રાત્રીના ૨૨.૧૫ કલાકે હોટલમાં પોલીસ રેઈડ કરતાં દાવની રકમ તથા અંગઝડતી રકમ ૪૦,૮૨૦ તથા મોબાઈલની કિંમત ૪૭,૫૦૦ મળી કુલ ૮૮,૩૨૦ના મુદ્દામાલ સાથે હોટલ માલિક મહેબુબભાઈ અબ્દુલભાઈ ધાંગા સહિત ૧૩ ની અટકાયત કરી. આ અંગેની ફરીયાદ મહંમદઈકબાલ અબ્દુલ હમીદખાન એ.એસ.આઈ આર.આર.સેલ ગાંધીનગર દ્વારા પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં કરતાં પોલિસે ગુ.ર.ન. ૮૯૨૦૧૮ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબ ગુનોનોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ભિલોડા આર.જે.તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયની ટીમ

અંડર-૧૯ હેન્ડબોલ સ્પર્ધામાં જીલ્લામાં પ્રથમ ક્રમે ઝળકી

ભિલોડા,તા.૩૦

ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત આર. જે. તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયની અંડર-૧૯ હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. ફાઈનલ રાઉન્ડમાં સૈનિક સ્કુલ, ખેરંચા આવેલ હતી. ખેરંચાની ટીમ સામે આઠ, બે થી આર. જે. તન્ના પ્રેરણા મંદીર વિદ્યાલયની હેન્ડબોલની ટીમ વિજેતા જાહેર થઈ હતી. સમગ્ર સ્પર્ધાનું આયોજન વ્યાયામ શિક્ષક ડી. આર. ચૌધરી, પી. આર. પટેલએ કર્યું હતું. આચાર્ય રમણભાઈ પટેલએ હેન્ડબોલના ખેલાડીઓને બિરદાવ્યા હતા. જીવનમાં હાર-જીત આવે પરંતુ ઉત્સાહપુર્વક સ્પર્ધાઓમાં ભાગ લેવા સંદર્ભે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા.

ભિલોડા ખાતે આવેલ કન્યા વિદ્યાલયમાં સેનેટરી પેડ વેન્ડીંગ મશીન મુંકાયું

ભિલોડા,તા.૩૦

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે કાર્યરત જન સેવા સંઘ સંચાલિત એન. આર. એ. વિદ્યાલય / એન. આર. એ. કન્યા

વિદ્યાલયમાં સેનેટરી પેડ વેન્ડીંગ મશીન મુંકાયું હતું ત્યારે વિદ્યાર્થીનીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી. મુંબઈની ધોરણ.૧૧ માં અભ્યાસ કરતી બે સ્કુલ ગર્લ્સ ધ્વારા માસિક ધર્મના સમયગાળા દરમ્યાન યુવતીઓ અને મહિલાઓને જે સમસ્યાનો સામનો કરવો પડે છે ત્યારે તેના નિવારણ માટે સ્વચ્છ તન મન પર્યાવરણ સ્ટેમ્પ ટ્રસ્ટ ધ્વારા શુભારંભ કરાયેલ અભિયાન અંતર્ગત બીજા તબક્કામાં ભિલોડા એન. આર. એ. વિદ્યાલય/ એન. આર. એ. કન્યા વિદ્યાલયમાં અભ્યાસ કરતી અંદાજીત ૬૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓને માત્ર રૂા. બેમાં સેનેટરી પેડ સરળતાથી મળી રહે તે માટે પેડ વેન્ડીંગ અને પેડ ઈન્સીનેટર મશીન નિઃશુલ્ક મુકવામાં આવ્યા છે ત્યારે વિદ્યાર્થીનીઓમાં આનંદની લાગણી પ્રસરી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાની ૪ હાઈસ્કુલોમાં સેનેટરી પેડ વેન્ડીંગ મશીન બીજા તબક્કા દરમ્યાન મુકાયા હતા ત્યારે ચારેય હાઈસ્કુલોની અંદાજીત ૧૫૦૦ થી વધુ વિદ્યાર્થીનીઓને સેનેટરી પેડનો લાભ મળશે તેમ જણાવ્યું હતું.

માસિક ધર્મ વિશે મુંબઈની સિંગાપોર ઈન્ટરનેશનલ સ્કુલની બે વિદ્યાર્થીનીઓ વ્રિષા વ્યાસ અને હીનલ જાજલે માસિક ધર્મ વિશે જાગૃતિ ફેલાવવા સંદર્ભે ભગીરથ અભિયાનનો શુભારંભ કર્યો છે.

ભારત દેશના ગ્રામિણ અંતરીયાળ વિસ્તારોમાં હજુ પણ સ્વચ્છતા અને શારીરિક સ્વાસ્થ્ય વિશે અને માસિક ધર્મ વિશે જાગૃતિનો અભાવ જોવા મળી રહ્યો છે ત્યારે ગ્રામિણ વિસ્તારની વિવિધ હાઈસ્કુલોમાં વિદ્યાર્થીનીઓમાં માસિક ધર્મ વિશે જાગૃતિ ફેલાવવાનો ભગીરથ પ્રયાસ હાથ ધર્યો છે.

અરવલ્લી જીલ્લા એસ.પી મયુર પાટીલ સામે પાંચ મુખ્ય પડકારની અમલવારી કરાવવી

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લામાં સતત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી રહી છે ઘરફોડિયા ગેંગ અને તસ્કરો અને ચાઈનસ્નેચરો તરખળાટ સહીત દેશી વિદેશી દારૂની રેલમછેલ અને જીલ્લાની શામળાજી નજીક રતનપુર બોર્ડર સહીત અન્ય આંતરરાજ્ય સરહદો પરથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઘુસાડવા સહીત નાબાલિગ યુવતીઓ અને મહિલાઓ પર દર ચારદિવસે થતા અત્યાચાર અને અસામાજિક તત્વો ખોફ, જુગાર અને વરલી-મટકા, તસ્કરી, મેઘરજના કાલીયાકુવા, રેલ્લાવાડા અને માલપુર અને ભિલોડાની સરહદો પરથી ગ્રામ્ય વિસ્તારોમાંથી થતા દેશી વિદેશી દારૂનું વહન અટકાવી શકશે કે નહિ..? જીલ્લામાં પોલીસ તંત્ર અને આરટીઓના અધિકારીઓની રહેમ નજર હેઠળ હાઈવે અને અંતરિયાળ માર્ગો પર દોડતા અને મુસાફરોથી અંદર, ઉપરનીચે ખીચોખીચ ભરી લોકોના જીવ જોખમમાં મુકતા ખાનગી પેસેન્જર વાહનો, જીલ્લા સહીત ઉત્તરગુજરાત અને બીજા રાજ્યોમાંથી ગાય સહીત પશુઓની તસ્કરી કરી ગેરકાયદેસર

- દારૂબંધીની અમલવારી અને સરહદો પરથી વિદેશી દારૂની તસ્કરી પર બ્રેક લગાવવી
- મોતની મુસાફરી કરાવતા ખાનગી પેસેન્જર વાહનચાલકો
- ગાય સહીત પશુઓની તસ્કરી અટકવાની અમલવારી
- દર ૪ દિવસે નાબાલિગ યુવતીઓ અને મહિલાઓ પરના અત્યાચાર
- મોડાસામાં ટ્રાફિકની સમસ્યા

સટ્ટાબાજી અને આંકડા રમાડવા સહીત અનેક પડકાર જીલ્લામાં નવનિયુક્ત એસ.પી. મયુર પાટીલ સામે ઉભા છે. ત્યારે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની અમલવારી કરાવવામાં કેવા પ્રકારના પગલાં ભરશે તે અંગે ચર્ચાઓએ જોર પકડ્યું છે.

અરવલ્લી જીલ્લા મથક સહીત મોટાભાગના પોલીસ સ્ટેશનો ચોરી, લૂંટાટ, ચેઈનસ્નેચીંગ સહીત અનેક ગુન્હાઓમાં પીડિત પાસે ફરિયાદ લેવામાં ગલ્લાંતલ્લાં કરવામાં આવે છે. ફરિયાદ ન નોંધી કાઈમરેટ ઓછો બતાવી પીડિત સાથે અન્યાય થતો બંધ થશે કે નહિ...? ફરિયાદ નોંધાવવા રંજાડ તો નહિ થાયને ફરિયાદીને ...? અરવલ્લી જીલ્લામાં ઠેરઠેર વિદેશી અને દેશી દારૂના અડ્ડા અને હોમ ડિલિવરી, યુવાધનને બરબાદીના ગર્તામાં ધકેલાતો ગાંજો અને ચરસનું વેચાણ અને જુગારના અડ્ડા, વરલી-મટકા અને આંકડાની રમત અને સટ્ટાબાજી પર કાબુ મેળવવામાં સફળ રહેશે કે નહિ..? જીલ્લાની શામળાજી રતનપુર આરટીઓ ચેકપોસ્ટ સરહદ પરથી હપ્તારાજમાં કરોડો રૂપિયાનો ગુજરાતમાં ઠલવાતો વિદેશી દારૂ અને નશાકારક પદાર્થોની કતલખાને ઘુસાડવાનો ગોરખ ધંધામાં સંકળાયેલા પશુ તસ્કરો અને કસાઈઓ સામે કાનૂની ગાળીઓ કસવામાં અવશેકે કેમ ..? નાબાલિગ યુવતીઓ અને મહિલાઓ પર દર ચાર દિવસે થતો અત્યાચાર હત્યા, બળાત્કાર, છેડતી, જેવા જઘન્ય અપરાધોનો ઊંચકાઈ રહેલા ગ્રાફને અટકાવવા અને કાબુમાં લેવામાં સફળતા મળશે કે નહિ...? જેવી અનેક ચર્ચાઓ જીલ્લાના જાગૃત નાગરિકો અને પ્રજાજનોમાં ચર્ચાએ જોર પકડ્યું છે. જીલ્લાના યુવાન એસ.પી સામે જિલ્લાવાસીઓ આશાસ્પદ બન્યા છે. જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ટ્રાફિકની ઘટના નગરજનો અને રાહદારીઓ માટે માથાના દુખાવા રૂપ બની રહે છે ચાર રસ્તાથી બસ સ્ટેન્ડ, કોલેજ રોડ, બસ સ્ટેન્ડ પાછળ,માલપુર રોડ, મેઘરજ રોડ, ડીપ વિસ્તારોમાં ખડકાયેલા રહેતા પેસેન્જર વાહનો, વાહનચાલકોને આડેધડ પાર્કિંગ અને રાજમાર્ગો પર ખડકાયેલા લારીવાળા અને ફેરિયાવાળાઓથી સર્જાતો ટ્રાફિકથી લોકો તોબા પોકારી ઉઠ્યા છે. ત્યારે ટ્રાફિક સર્જનાર પરિબળો સામે દંડનીય અને કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ પ્રબળ બની છે.

બામણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં એન.એસ.એસ. યુનિટ અંતર્ગત ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૭

બામણા-પુનાસણ મધ્યસ્થ સ્કુલ કેળવણી મંડળ,મુંબઈ સંચાલિત સ્વ.શાન્તાબેન હરગોવિંદદાસ જોષી અને ભુલેશ્વર કડુરામ જોષી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, એન. એસ. એસ. યુનિટ અંતર્ગત ઓરીએન્ટેશન કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ડૉ. ભરતભાઈ પટેલ શામળાજી કોલેજ, પ્રિ. ડૉ. કલ્પનાબેન પટેલ, આર. ડી. પટેલ, એન. એસ. એસ. કો. ઓ. પ્રો. નિવૃત્તીનાથ જોષી, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓની ઉપસ્થિતીમાં નવિન પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને એન.એસ.એસ. સહઅભ્યાસ પ્રવૃત્તીઓ સમાજીક સેવાકીય કાર્યોથી વિદ્યાર્થીઓને જ્ઞાનસભર બનાવ્યા હતા. વિદ્યાર્થીઓમાં આનંદની લાગણી પ્રસરી હતી.

બાલારામ નજીક ટ્રેન નીચે પ્રેમી-પંખીડાની મોતની છલાંગ

પાલનપુર, તા.૩૦

પાલનપુર તાલુકાના બાલારામ નજીક ગત સવારે યુવક- યુવતીએ ટ્રેન નીચે મોતની છલાંગ લગાવી જીવનલીલા સંકેલી લીધી હતી. આ અંગે રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી મૃતદેહો પીએમ અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.

પાલનપુરના બાલારામ નજીક પસાર થતી રેલવે ટ્રેક ઉપર સવારે પડતું મુકી યુવક- યુવક કપાઈ ગયા હતા. જેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ. આ અંગેની જાણ થતાં આજુબાજુમાંથી મોટી સંખ્યામાં લોકો એકત્ર થઇ ગયા હતા. દરમિયાન દોડી આવેલા પાલનપુર રેલવે પીએસઆઈ ટી. સી. ગોસ્વામીએ ઘટનાસ્થળેથી મળેલા આધારકાર્ડ તેમજ બાઈકના આધારે તપાસ હાથ ધરતાં મૃતક યુવક અમીરગઢ તાલુકાના રાજપુરીયા ગામનો ૩૧ વર્ષીય ચંદુભાઈ નાગજીભાઈ માજીરાણા અને યુવતી ઉજનબેન ધનાભાઈ ભીલ હોવાની ઓળખ થવા પામી હતી. જે બંન્નેના પરિવારજનોને જાણ કરી મૃતદેહો પાલનપુર સિવિલ હોસ્પિટલમાં પીએમ અર્થે ખસેડવામાં આવ્યા હતા.